**સૂચનાઓ:**

- તપાસ પછી 24 કલાક સુધી બાળકો અને ગર્ભવતી સ્ત્રીઓથી નજીકનો સંપર્ક ટાળો.
- 24 કલાક સુધી પૂરતું પાણી અને પ્રવાહી પીતા રહો.
- ટોયલેટનો ઉપયોગ કર્યા પછી બે વખત ફ્લશ કરો.
- જો તમે સ્તનપાન કરાવતા હો, તો સ્કેન પછી અડધા દિવસ માટે સ્તનપાન કરાવવું નહિ. અગાઉથી દૂધ કાઢીને સંગ્રહ કરી રાખવું સલાહભર્યું છે જેથી બાળકને પછી આપી શકાય.
- તમારા અપોઇન્ટમેન્ટના દિવસે કૃપા કરીને તમારી બધી ફાઇલો, બાયોપ્સી રિપોર્ટ, સારવારની વિગતો, અગાઉના રિપોર્ટ્સ અને PET-CT, CT અથવા MRI સ્કેનના CDs/DVDs અને Films સાથે લઇને આવવી.

**નોંધ:** જો તમારે તપાસના 24 કલાકમાં હવાઈ મુસાફરી કરવાની હોય તો કૃપા કરીને ટેક્નોલોજિસ્ટને જાણ કરો. રેડિયોટ્રેસર સુરક્ષા સ્કેનરમાં અવરોધ પેદા કરી શકે છે.

**એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક**


079 6677 0000

contact@kdhospital.co.in

**કેડી હોસ્પિટલ કેમ્પસ**
વૈષ્ણોદેવી સર્કલ, એસ જી હાઇવે,
અમદાવાદ, ગુજરાત - 382421


વધુ માહિતી માટે QR કોડ સ્કેન કરો.



Cancer Centre

# PET-CT સ્કેન

## વિશે જાણવા જેવી મહત્વની બાબતો



## PET ટેસ્ટ માટેની તૈયારી અને ખોરાક અંગેની માહિતી

### PET ટેસ્ટના એક દિવસ પહેલા

- ટેસ્ટના ૨૪ કલાક પહેલાં વધુ પડતી કસરત અથવા શ્રમ પડે તેવું કામ ના કરવું.
- ટેસ્ટના ૨૪ કલાક પહેલા કાર્બોહાઈડ્રેટ્સ અને ખાંડનું પ્રમાણ વધુ હોય તેવો ખોરાક ન ખાવો.
- અમારી સલાહ છે કે ૨-૩ લીટર પાણી પીવું જેથી શરીરમાં પૂરતા પ્રમાણમાં પ્રવાહીની માત્રા રહે.

### PET સ્કેન ના દિવસે

- તમારા ટેસ્ટના ૬ કલાક પહેલાં તમારે સાદા પાણી અને તમારા ડોક્ટર દ્વારા સૂચવવામાં આવેલી કોઈપણ દવાઓ સિવાય કંઈપણ ખાવું કે પીવું નહીં.
- ૧ લિટર પાણી પીવું જેથી કરીને તમે સારી રીતે હાઇડ્રેટ રહો.
- ગરમ, ઢીલા-ફિટિંગ, આરામદાયક વસ્ત્રો પહેરો જેમાં ધાતુ ન હોય.
- તમારે નીચેના બ્લડ રિપોર્ટ્સ સાથે લાવવાના રહેશે.
  **(a)** સીરમ ક્રિએટિનાઇન (છેલ્લા ૧ મહિનાની અંદર) **(b)** HIV, હેપેટાઇટિસ B સરફેસ એન્ટિજેન

### સગર્ભા સ્ત્રીઓએ શું કરવું જોઈએ?

સગર્ભા સ્ત્રીઓને PET-CT સ્કેન કરાવવાની સલાહ આપવામાં આવતી નથી. જો તમને ગર્ભાવસ્થાની શંકા હોય, તો તમારા ડોક્ટરને જાણ કરો.

### PET-CT સ્કેનના ૨૪ કલાક પહેલાં તમે નીચે જણાવેલ વસ્તુઓ ખાવાનું ટાળો.

PET-CT સ્કેનના ૨૪ કલાક પહેલાં તમે નીચે જણાવેલ વસ્તુઓ ખાવાનું ટાળો.
બ્રેડ, પાસ્તા, પેસ્ટ્રી, ક્રેકર્સ, સીરિયલ, ભાત, બટાકા, નૂડલ્સ, ખાંડ, મીઠાઈ, ચ્યુઇંગ ગમ, મધ, ફળ કે ફળનો રસ, ખાંડયુક્ત પીણાં, દૂધ, કેફેઇન ધરાવતા પીણાં (કોફી/ચા/એનર્જી ડ્રિન્કસ), આલ્કોહોલિક પીણાં, અને કાર્બોહાઇડ્રેટ ધરાવતા કન્ડિમેન્ટ્સ/સોસ/ગ્રેવી/સીરપ (લેબલ તપાસો).
**કૃપા કરીને નાળિયેરનું પાણી (ટેન્ડર કોકોનટ વોટર) ટાળો.**
તમે પરીક્ષણના ૨૪ કલાક પહેલા નીચેનું ભોજન લઈ શકો છો.
સામાન્ય ખોરાક, શાકાહારી ખોરાક, લીલા શાકભાજી, મશરૂમ્સ, કોબીજ.

## PET-CT સ્કેન શું છે?

પોઝીટ્રોન ઈમિશન ટોમોગ્રાફી (PET) એક અનોખી, નોન-ઈનવેઝિવ તપાસ છે.
PET સ્કેનનો ઉપયોગ શરીરમાં થતા કાર્યાત્મક પ્રક્રિયાઓને બતાવવા માટે થાય છે, જેમ કે ટ્યુમરનું મેટાબોલિક એક્ટિવિટી.
આ સ્કેન CT અથવા MRI જેવી એનાટોમિકલ વિગતો પર નહીં, પરંતુ શરીર કેવી રીતે કાર્ય કરી રહ્યું છે તે પર ધ્યાન આપે છે.
કૉમ્બાઇન્ડ PET-CT ડિવાઇસિસ એક જ તપાસમાં PETમાંથી મળતી મેટાબોલિક માહિતી અને CTમાંથી મળતી એનાટોમિકલ માહિતી — બંને એક સાથે પ્રદાન કરે છે.

### PET-CT સ્કેન કેવી રીતે કાર્ય કરે છે?

તમને F-18 FDG નામનો રેડિયોઆક્ટિવ ટ્રેસરનું ઇન્જેક્શન આપવામાં આવશે.
FDG એક પ્રકારની ગ્લુકોઝ છે, જેને તમારા શરીરના તમામ સેલ્સ ઉપયોગ કરે છે.
F-18 એક રેડિયો આઇસોટોપ છે, જે પોઝીટ્રોનના રૂપમાં ઊર્જા ઉત્સર્જિત કરે છે. આ પોઝીટ્રોન કેમેરા દ્વારા કૅપ્ચર થાય છે અને તમારી શરીરની ત્રિ-આયામિક (3-D) છબી બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે (ટોમોગ્રાફી).
PET નો પૂર્ણ સ્વરૂપ પોઝીટ્રોન ઈમિશન ટોમોગ્રાફી છે

### આ ટેસ્ટ કરવામાં કેટલો સમય લાગે છે?

આ ટેસ્ટ કરવામાં ચાર થી પાંચ કલાકનો સમય લાગે છે. PET-CT સ્કેન એક વિશેષ પ્રકારનો ટેસ્ટ છે, તેથી તેમાં વિશેષ પ્રકારના રેડિયો ટ્રેસરનો ઉપયોગ થાય છે. આ કારણે સમય આપવો બહુ મહત્વપૂર્ણ છે. ટેસ્ટ રદ કરવા માટે, 24 કલાક પહેલા સૂચિત કરવું.

### શું મારે ટેસ્ટ માટે કપડા બદલવા પડશે?

ના. કૃપા કરીને ગરમ અને આરામદાયક એવા કપડાં પહેરો જેમાં ઝિપર, મેટલ બટન ન હોય.
તપાસ પહેલા જરૂર લાગશે તો ગાઉન (યુનિફોર્મ) આપવામાં આવશે.

## શું મને ઈન્જેક્શન પછી અલગ અનુભવ થશે?

ના. હકીકતમાં, તમે તમારા ટેસ્ટ પછી તરત જ તમારી સામાન્ય પ્રવૃત્તિઓ ફરી શરૂ કરી શકો છો. તમારા પરીક્ષણ પછી લગભગ ૨૪ કલાક સુધી બાળકો અથવા સગર્ભા સ્ત્રીઓ સાથે નજીકના સંપર્કને ટાળો.

### શું હું ટેસ્ટ કરાવતા પહેલા દવા લઈ શકું?

- તમે ટેસ્ટના દિવસે તમારા ડોક્ટર દ્વારા સૂચવવામાં આવેલી દવાઓ લઈ શકો છો, જો તમને ડાયાબિટીસ હોય અને ઇન્સ્યુલિન લો, તો કૃપા કરીને તમારા ડોક્ટરનો સંપર્ક કરો.
- ડાયાબિટીસના દર્દીઓ માટે વિશેષ સૂચનાઓ કૃપા કરીને ધ્યાન રાખો કે ટેસ્ટ પૂર્ણ થવા માટે તમારી બ્લડ સુગર ૨૦૦ ની નીચે હોવી જોઈએ.
- સ્કેન કરવાના દિવસે ડાયાબિટીસની દવા અથવા ઇન્સ્યુલિન ઇન્જેક્શન ન લો.
- જો તમને કોઈ પ્રશ્નો હોય, તો કૃપા કરીને કોલ કરવામાં અચકાશો નહીં અને PET-CT કો-ઓર્ડિનેટર સાથે વાત કરો.

### ટેસ્ટ કરાવવાની પ્રક્રિયામાં શું થશે?

જ્યારે તમે તમારી નિર્ધારિત એપોઇન્ટમેન્ટ મુજબ પરીક્ષણ માટે આવો છો, ત્યારે તમને રેડિયો ટ્રેસરનું ઇન્જેક્શન આપવામાં આવશે. ઈન્જેક્શન સાઇટ પર થોડો દુખાવો થશે. જ્યાં સુધી રેડિયો ટ્રેસર તમારા સમગ્ર શરીરમાં અથવા પરીક્ષણ કરવા માટેના વિસ્તારમાં ફેલાય નહીં ત્યાં સુધી તમારે ૪૫ થી ૬૦ મિનિટ સુધી હલનચલન કર્યા વિના બેસવાનું રહેશે. આ પછી તમને PET-CT રૂમમાં લઈ જવામાં આવશે.
ટેક્નોલોજિસ્ટ તમને પરીક્ષાના ટેબલ પર સુવડાવશે. PET સ્કેનર, MRI અથવા CT સ્કેનર જેવું ડોનટ આકારનું ગોળાકાર મશીન છે. તમને સામાન્ય રીતે ૩૦ થી ૪૦ મિનિટ સુધી હલનચલન કર્યા વિના સૂઈ રહેવા માટે કહેવામાં આવશે. આ સમય દરમિયાન કેમેરો તમારા શરીરમાં રેડિયો ટ્રેસર દ્વારા ઉત્પન્ન થતી ઉર્જા રેકોર્ડ કરે છે. આ રીતે સ્કેનિંગમાં કોઈ દુખાવો થતો નથી.